06

આપણે બધાએ આજે સવારે Newspaper વાંચ્યું હશે, શું હતું એમાં?

ક્યાંક કોઈકનું અવસાન…
ટીવી ખોલો તો સમાચાર…
એમાં પણ દુર્ઘટના… રોગ… યુદ્ધ ની જ વાતો…

છતાં…
આપણે બધાને અંદરથી એક જ વિચાર રહે છે કે—
“આ બધું બીજાને થાય… મને નહીં.”

યક્ષે પૂછ્યું:
“પૃથ્વી પર સૌથી મોટું આશ્ચર્ય શું છે?”

યુધિષ્ઠિરે કહ્યું:
“દરરોજ લોકો મૃત્યુ પામે છે, છતાં જીવતો માણસ પોતે કદી મરશે નહીં એવું જ માને છે — આથી મોટું આશ્ચર્ય કંઈ નથી.”

વિચાર કરો…
જવાબ મૃત્યુ વિશે નથી,
જીવન પ્રત્યેની આપણી બેદરકારી વિશે છે.

Apple Company ના માલિક સ્ટીવ જોબ્સે,
તેઓ પણ હંમેશા માનતા કે, આજે મારા જીવનનો છેલ્લો દિવસ હોય તો કોઈ પણ કામ હું કેટલું ચોકસાઈથી અને સમય બગાડ્યા વિના કરું, અને આ વિચારધારા સાથે જ ચાલતા તેઓએ ઉત્તમ શોધો દુનિયાને આપી.

આજે આપણે શું કરીએ છીએ? તો..
• સંબંધોમાં “કાલે વાત કરીશું” કહી ટાળી દઈએ
• સ્વાસ્થ્ય માં “પછી જોઈશું” કહી અવગણીએ
• સપનાઓ માટે “એક દિવસ” માટે રાખી દઈએ

પણ આશ્ચર્ય એ છે કે—
એ ‘એક દિવસ’ ક્યારે આવશે, એની કોઈ ગેરંટી નથી.

એટલે…
મૃત્યુથી ડરવુ નહીં,
પણ જીવન ટાળી દેવાનો અફસોસ ન રહે એ રીતે જીવવુ જોઈએ.

આજે જ—
એક ફોન કરીએ
એક માફી માંગો
એક સારી શરૂઆત કરો

કારણ કે…
આજે જીવતા હોવુ — એ પણ સૌથી મોટું આશ્ચર્ય છે. ✨